# શું ભારતની આ ટીમ GOAT સાબિત થશે?



## ભારત વિ. ન્યુઝીલેન્ડ: ICC ફાઈનલના આંકડા

**અત્યાર સુધી બંને ટીમો ICC ઇવેન્ટ્સની ફાઈનલમાં 3 વખત ટકરાઈ છે:**

| વર્ષ | ટુર્નામેન્ટ | વિજેતા | નોંધ |
|---|---|---|---|
| 2000 | ICC નોકઆઉટ (ચેમ્પિયન્સ ટ્રોફી) | ન્યુઝીલેન્ડ | ન્યુઝીલેન્ડ 4 વિકેટે જીત્યું હતું. ભારત તરફથી સૌરવ ગાંગુલીએ સદી ફટકારી હતી. |
| 2021 | વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ | ન્યુઝીલેન્ડ | સાઉથમ્પ્ટનમાં રમાયેલી ફાઈનલમાં ન્યુઝીલેન્ડ 8 વિકેટે જીત્યું હતું. |
| 2025 | ICC ચેમ્પિયન્સ ટ્રોફી | ભારત | ભારતે ન્યુઝીલેન્ડને હરાવીને 2021 અને 2000ની હારનો બદલો લીધો અને ટ્રોફી જીતી. |

### જસપ્રીત બુમરાહ vs ડેરીલ મિશેલ

જસપ્રીત બુમરાહ: સેમીફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે જ્યારે છેલ્લી 5 ઓવરમાં 69 રનની જરૂર હતી, ત્યારે બુમરાહે 2 ઓવરમાં માત્ર 14 રન આપી મેચ પલટી નાખી હતી. જો ફાઈનલમાં પણ બુમરાહ કિવિઝ બેટ્સમેનોને રન માટે ટિપાવશે, તો ભારતની જીત નિશ્ચિત છે. ડેરીલ મિશેલ: મિશેલ માટે આ ટૂર્નામેન્ટ શાંત રહી છે, પરંતુ તે ભારત માટે મોટો ખતરો છે. જાન્યુઆરીમાં ભારત વિરુદ્ધ વનડે સિરીઝ જીતાડવામાં તેનો મોટો ફાળો હતો. ખાસ વાત એ છે કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તે બુમરાહ સામે પ્રતિ બોલ બે રન લેવાની ક્ષમતા ધરાવે છે. જો મિશેલ બુમરાહના સ્પેલને સામાન્ય બનાવી દેશે, તો ન્યુઝીલેન્ડનો પક્ષ ભારે થઈ જશે.

### શું બુમરાહ ઓપનિંગ સ્પેલ કરશે

ફાઈનલમાં બુમરાહની ચાર ઓવર બંને ટીમો વચ્ચે નિર્ણાયક સાબિત થઈ શકે છે. બુમરાહને સામાન્ય રીતે અંતિમ ઓવરોમાં રાખવામાં આવે છે, પરંતુ શું તે સેમીફાઈનલમાં 33 બોલમાં સદી ફટકારનાર ફિન એલન સામે બોલિંગની શરૂઆત કરશે? અર્શદીપ કે હાર્દિકની સરખામણીએ બુમરાહ પાસે નવી બોલને બંને તરફ સ્વિંગ કરાવવાની ક્ષમતા છે જે એલનને મુશ્કેલીમાં મૂકી શકે છે. ગ્લેન ફિલિપ્સે ભલે કહ્યું હોય કે 'બુમરાહ પણ માણસ છે અને તેનો પણ ખરાબ દિવસ હોઈ શકે', પણ ભારત આશા રાખશે કે રવિવારે બુમરાહ પોતાની શ્રેષ્ઠ લયમાં હોય.

અમદાવાદ, તા. 7: ભારતની આ વર્તમાન ટી-20 ટીમ સર્વકાલીન શ્રેષ્ઠ (GOAT) ટીમોમાંની એક છે. ઓગસ્ટ 2023 પછી તેઓ એક પણ શ્રેણી કે ટૂર્નામેન્ટ હાર્યા નથી. છેલ્લા વર્લ્ડ કપથી અત્યાર સુધીમાં તેમનો જીતનો રેશિયો અસાધારણ રહ્યો છે– દરેક એક હાર સામે તેઓ સાત મેચ જીત્યા છે. 2024ની ચેમ્પિયન ટીમમાં હવે અભિષેક શર્મા, તિલક વર્મા અને વરુણ ચક્રવર્તી જેવા આક્રમક ખેલાડીઓ ઉમેરાયા છે. ભારતની તાકાત એટલી છે કે ટૂર્નામેન્ટ દરમિયાન ઈશાન કિશન અને સંજુ સેમસન જેવા ફેરફારો કરવા છતાં ટીમનું સંતુલન જરાય ખોરવાયું નથી.

જોકે, ક્રિકેટનો નિયમ ક્રૂર છે; જો ભારત રવિવારે અમદાવાદમાં ફાઈનલ નહીં જીતે, તો તેમને 'સર્વકાલીન શ્રેષ્ઠ'નો દરજ્જો નહીં મળે. આ ફોર્મેટ અનિશ્ચિતતાઓથી ભરેલું છે, તેથી જ કદાચ ભારતીય ટીમમાં એક પ્રકારની અશાંતિ અને અંધશ્રદ્ધા જેવું વાતાવરણ જોવા મળે છે. મેદાન પર સંજુ સેમસન કારકિર્દીના શ્રેષ્ઠ ફોર્મમાં છે, બુમરાહનો સ્પેલ હજુ પણ વિરોધીઓ માટે વણઉકેલ્યો કોયડો છે અને હાર્દિક પંડ્યા એકલો બે ખેલાડીઓની ગરજ સારે છે.સામે પક્ષે ન્યુઝીલેન્ડ એક એવી ટીમ છે જેનું ડીએનએ જ અલગ છે. તેમની પાસે બુમરાહ જેવો જાદુઈ બોલર કે મિસ્ટ્રી સ્પિનર નથી, પરંતુ તેઓ દબાણ વગર રમવા માટે જાણીતા છે. ભારત માટે 19 નવેમ્બરનો દિવસ શોક સમાન હતો, પરંતુ ન્યુઝીલેન્ડ માટે 8 માર્ચનું પરિણામ કદાચ આગામી અઠવાડિયે ચર્ચાનો વિષય પણ નહીં હોય. 2019 પછી સૌથી વધુ 6 વાર આઈસીસી સેમીફાઈનલમાં પહોંચનારી આ ટીમ ખૂબ જ શિસ્તબદ્ધ છે. તેઓ ઈંગ્લેન્ડ જેવી ભૂલો નહીં કરે અને દરેક ભારતીય બેટ્સમેન માટે સચોટ પ્લાન સાથે ઉતરશે. રવિવારની આ જંગ રણનીતિ, કૌશલ્ય અને નસીબનો અનોખો સંગમ હશે.

### અભિષેક અને વરૂણની ખરાબ ફોર્મ ચિંતાનો વિષય

ભારત માટે કેટલીક ચિંતાઓ પણ છે. અભિષેક શર્માની ટેકનિકલ ખામીઓ ખુલ્લી પડી ગઈ છે અને જો તે ફાઈનલ રમે તો કિવિઝ ઓફ-સ્પિનર કોલ મેક્કોન્ચીને વહેલો લાવી શકે છે. જો અભિષેકને પડતો મુકાય તો મિડલ ઓર્ડર પર ઘણુ દબાણ આવશે અને રિંકુ સિંઘ પણ ફોર્મમાં નથી. બીજી બાજુ, વરુણ ચક્રવર્તી સતત નિષ્ફળ રહ્યો છે અને તે બેટ્સમેનોને પહેલાની જેમ પરેશાન કરી શકતો નથી. આવી સ્થિતિમાં, શું ભારત અમદાવાદની મોટી બાઉન્ડ્રીઓનો લાભ લેવા માટે કુલદીપ યાદવ જેવા અનુભવી સ્પિનરને રમાડવાનો સાહસિક નિર્ણય લેશે? રવિવારનો દિવસ સૂર્યકુમારની કેપ્ટનશીપ અને આખી ટીમ માટે અગ્નિપરીક્ષા સમાન હશે. જો હવામાન સાથ આપે અને ભારત પોતાની ક્ષમતા મુજબ રમે, તો આ વખતે ઈતિહાસ જરૂર બદલાશે.

# વર્લ્ડકપ ફાઈનલ: હવાઈ ભાડા આસમાને પહોંચ્યા, રેલવેએ અમદાવાદ માટે સ્પેશિયલ ટ્રેનો દોડાવી

અમદાવાદ, તા. 7 (પીટીઆઈ): અમદાવાદમાં રવિવારે રમાનારી ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની વર્લ્ડ કપ ફાઈનલને લઈને ક્રિકેટ પ્રેમીઓમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેના કારણે હવાઈ ભાડામાં તોતિંગ વધારો થયો છે. મુંબઈ-અમદાવાદનું સામાન્ય રીતે રૂ. 3,000 રહેતું ભાડું વધીને રૂ. 15,000 થી 17,000 સુધી પહોંચી ગયું છે. તેવી જ રીતે દિલ્હી અને બેંગલુરુથી અમદાવાદ આવતી ફ્લાઈટ્સના ભાવ પણ રૂ. 13,000 થી 14,000 ની આસપાસ બોલાઈ રહ્યા છે.

મુસાફરોનો આ અસાધારણ ધસારો જોતા રેલવે વિભાગે ચાહકોની સુવિધા માટે સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો નિર્ણય કર્યો છે. પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈના બાંદ્રા ટર્મિનસથી અમદાવાદ માટે એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન (નંબર 09029) જાહેર કરવામાં આવી છે, જે રવિવારે વહેલી સવારે રવાના થઈ સુરત અને વડોદરા રોકાઈને સવારે 8:40 કલાકે અમદાવાદ પહોંચશે. આ ઉપરાંત, ઉત્તર રેલવેએ પણ દિલ્હીથી સાબરમતી માટે 19 કોચની સ્પેશિયલ ટ્રેન (નંબર 04062) દોડાવવાની જાહેરાત કરી છે, જે ગુરુગ્રામ અને જયપુર થઈને રવિવારે બપોરે અમદાવાદ પહોંચશે. આ વધારાની સેવાઓથી છેલ્લી ઘડીએ મુસાફરીનું આયોજન કરતા હજારો ક્રિકેટ પ્રેમીઓને મોટી રાહત મળશે.

### અમદાવાદમાં હોટેલના ભાડા રૂ. 2 લાખ સુધી પહોંચ્યા

અમદાવાદ, તા. 7 (પીટીઆઈ): અમદાવાદમાં યોજાનારી ભારત-ન્યુઝીલેન્ડ ફાઈનલ મેચને પગલે હોટેલ ભાડામાં 300થી 400 ટકાનો તોતિંગ વધારો થયો છે. ગુજરાત હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના પ્રમુખ નરેન્દ્ર સોમાણીના જણાવ્યા અનુસાર, જે રૂમનું ભાડું □5000 થી 20000 હતું, તે હવે □15000 થી 50000 સુધી પહોંચી ગયું છે. સિંધુ ભવન રોડ પરની તાજ સ્કાયલાઈન જેવી પ્રીમિયમ હોટેલ્સમાં તો ભાડું □રૂ. 2 લાખને પાર કરી ગયું છે. આ મોંઘવારીને ટાળવા માટે ઘણા ચાહકો ગાંધીનગર રોકાવાનું અથવા મુંબઈ અને રાજકોટ જેવા શહેરોથી સીધા ગાડી લઈને આવીને મેચ જોઈ રાત્રે જ પરત ફરવાનું પસંદ કરી રહ્યા છે.

# શું ભારત ઈતિહાસનું પુનરાવર્તન કરશે કે નવો ઈતિહાસ રચશે

**વર્લ્ડકપ સ્પેશિયલ**

- સુનિલ ગવાસ્કર



શું ભારતીય ક્રિકેટ ટીમ ઈતિહાસનું પુનરાવર્તન કરશે? શું તે ઈતિહાસને હરાવશે? આજ સુધી કોઈ પણ ટીમે સતત બે વાર આઈસીસી ટી-20 વર્લ્ડકપ જીત્યો નથી અને કોઈ પણ યજમાન દેશ પોતાના ઘરઆંગણે આ ખિતાબ જીતી શક્યો નથી. ભારતને ઈતિહાસનું પુનરાવર્તન કરતા અને ઈતિહાસને હરાવતા રોકવા માટે તેમની સામે ન્યુઝીલેન્ડની ટીમ ઊભી છે. એક એવી ટીમ જેણે આઈસીસી ટી-20 વર્લ્ડકપમાં જ્યારે પણ ભારત સાથે ટક્કર થઈ છે, ત્યારે દર વખતે ભારતને હરાવ્યું છે. એક એવી ટીમ જેણે આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પણ તેમને પરાજય આપ્યો છે. આ એક એવી ટીમ છે જેમાં કદાચ ક્રિકેટિંગ સુપરસ્ટાર્સની સંખ્યા મોટી ન હોય, પરંતુ આઈસીસી ટૂર્નામેન્ટના નોકઆઉટ સ્ટેજમાં તે લગભગ હંમેશા પહોંચે જ છે. આ ટીમને લાઈમલાઈટથી દૂર રહેવું ગમે છે કારણ કે તેનાથી તેઓ ફેવરિટ ગણાતી પ્રતિસ્પર્ધી ટીમોને હરાવવાના પોતાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. આ એક એવી ટીમ છે જેને કોઈ પણ વિરોધીનો ડર નથી. ભારત અને શ્રીલંકા દ્વારા સહ-આયોજિત આ ટૂર્નામેન્ટ શરૂ થાય તે પહેલા જ ભારતમાં રહેવાનો ફાયદો ઉઠાવવો એ તેમની એક ચતુર ચાલ હતી અને તેનું ઘણું મોટું વળતર હવે મળી રહ્યું છે, કારણ કે ખાસ કરીને તેમના બેટ્સમેનો બોલને બેટના મધ્યમાં લઈને ફટકારવામાં સક્ષમ બન્યા છે, તેઓ કદાચ આવું ન કરી શક્યા હોત જો તેઓ સબકોન્ટિનેન્ટમાં માત્ર ટૂર્નામેન્ટ રમવા માટે આવ્યા હોત.

ભારતે કદાચ પાંચ મેચની ટી-20 સિરીઝમાં તેમને આસાનીથી હરાવ્યા હશે, જે કિવિઝની આ ફોર્મેટમાં ટેવાઈ જવાની બીજી એક હોંશિયાર ચાલ હતી. ત્યારબાદ ફિન એલન અને ટિમ સીફર્ટ ટીમમાં જોડાયા અને અચાનક જે વિકેટો તેઓ પાવર-પ્લેમાં ગુમાવી રહ્યા હતા તે પાવર-પ્લેમાં પાવર હિટીંગમાં ફેરવાઈ ગઈ. આ વર્લ્ડકપમાં કેટલીક શાનદાર ઈનિંગ્સ જોવા મળી છે જેમાં સંજુ સેમસનના બેટથી નીકળેલી બે શાનદાર ઈનિંગ્સનો પણ સમાવેશ થાય છે, પરંતુ ફિન એલને કિવિઝને ફાઈનલમાં લઈ જવા માટે જે 33 બોલમાં સદી ફટકારી છે તેનાથી આગળ વિચારવું મુશ્કેલ છે.

તે ઓપનિંગ ભાગીદારી અને જસપ્રીત બુમરાહ સાથેની તેમની લડાઈ એ વાતની ચાવી બની રહેશે કે તેઓ પહેલા બેટિંગ કરે છે કે લક્ષ્યનો પીછો.

કેટલાક ક્ષેત્રો જ્યાં તેઓ વધુ સારા થઈ શકે છે તે છે બેટિંગમાં ડેરીલ મિશેલનું પ્રમોશન અને પાંચમા બોલરનો ઉપયોગ. આ તે એક ક્ષેત્ર હતું જ્યાં તેઓ ઈંગ્લેન્ડ સામે થાપ ખાઈ ગયા હતા જ્યારે 18મી ઓવરમાં ગ્લેન ફિલિપ્સને બોલ આપવો તેમને મોંઘો પડ્યો અને મેચ ગુમાવવી પડી.

જેકોબ બેથેલે રમેલી યાદગાર ઈનિંગ્સ બાદ ભારત ઈંગ્લેન્ડ સામે માંડ બચ્યું હતું. તેમની બેટિંગ સારી દેખાઈ રહી છે જે ઈંગ્લેન્ડ સામે ખડકાયેલા 250થી વધુ રનના સ્કોર પરથી જોઈ શકાય છે. ચિંતા બોલિંગની છે, કારણ કે ઈંગ્લેન્ડ ભારતીય સ્કોરને વટાવી જવાની અણી પર આવી ગયું હતું. સુપર એઈટ સ્ટેજથી વરુણ ચક્રવર્તી રન લૂંટાવી રહ્યો છે તે તેમની એક સમસ્યા છે.

તે આત્મવિશ્વાસમાં ઓછો જણાતો હોય તેવું લાગે છે. શું તેઓ સાહસિક નિર્ણય લઈને અમદાવાદની મોટી બાઉન્ડ્રીઓ માટે કુલદીપ યાદવનો સમાવેશ કરશે? અભિષેક શર્મા જ્યારે અભિગમ બદલવા માટે અસમર્થ અથવા અનિચ્છા ધરાવે છે અને પાવર-પ્લેમાં જ ડીપમાં આઉટ થઈ જાય છે, ત્યારે શું તેઓ ઈશાન કિશનને બેટિંગમાં ઓપનિંગ કરવા માટે મોકલશે? જો તેઓ આવું કરશે, તો તે બરાબર ગયા વર્ષની એશિયા કપ ફાઈનલ જેવું જ હોઈ શકે છે, જેમાં રિંકુ સિંઘે તેની એકમાત્ર મેચ રમી હતી અને તેણે સામનો કરેલા એકમાત્ર બોલ પર વિજયી ચોગ્ગો ફટકાર્યો હતો. તેના હાથ પર જે ટેટૂ છે તે કહે છે તેમ, 'ગોડ્સ પ્લાન' (ભગવાનની યોજના).


